# પ્રકરણ : ૮ નામકર્મ

## ભાગ-૨


**પ્રકરણની રૂપરેખા**


| | |
|---|---|
| ✿ પ્રાસ્તાવિક | ૨૩. સ્થિર અને અસ્થિર |
| ૧૫. નિર્માણ | ૨૪. શુભ અને અશુભ |
| ૧૬. અગુરુલઘુ | ૨૫. સુસ્વર અને દુઃસ્વર |
| ૧૭. ઉચ્છ્વાસ | ૨૬. સુભગ અને દુર્ભગ |
| ૧૮. તીર્થંકર | ૨૭. આદેય અને અનાદેય |
| ૧૯. ત્રસ અને સ્થાવર | ૨૮. યશઃકિર્તી અને અયશઃકીર્તી |
| ૨૦. સૂક્ષ્મ અને બાદર | ૨૯. આતપ અને ઉદ્યોત |
| ૨૧. પર્યાપ્તક અને અપર્યાપ્તક | ૩૦. ઉપઘાત અને પરઘાત |
| ૨૨. પ્રત્યેક અને સાધારણ | ✿ ઉપસંહાર. |


गदिआदि जीव भेदं देहादी पोग्गलाण भेदं च ।
गदियंतरपरिणमनं करेदि णामं अणेयविहं ।।

**ભાવાર્થઃ** ગતિ આદિ જીવવિપાકી, શરીરાદિ પુદ્ગલ વિપાકી, એક ગતિમાંથી બીજી ગતિમાં ગત્યંતરરૂપ પરિણમનની વિગ્રહગતિમાં ક્ષેત્રવિપાકી તથા ચ શબ્દથી ભવવિપાકી સ્વરૂપની નામકર્મની બધા પ્રકારની પ્રકૃતિઓ હોય છે.(ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૨)

પૌદ્ગલિકકર્મની પ્રકૃતિના કુલ ચાર પ્રકાર છે- ૧. જીવવિપાકી, ૨. પુદ્ગલવિપાકી, ૩. ક્ષેત્રવિપાકી અને ૪. ભવવિપાકી. નામકર્મની પ્રકૃતિ આ ચારેય પ્રકારની જોવા મળે છે. જે આ પ્રમાણે—




### ૧. જીવવિપાકી

**જે કર્મનાં ઉદયનું ફળ જીવમાં આવે એટલે કે જેના કારણે જીવના સ્વભાવનો ઘાત થાય તેને જીવવિપાકી કર્મની પ્રકૃતિ કહે છે.**

નામકર્મ અઘાતિ કર્મ છે. અઘાતિ કર્મનાં ઉદયનું ફળ શરીર અને શરીર સંબંધી પૌદ્ગલિક બાબતોમાં હોય છે. તેથી સામાન્ય રીતે નામકર્મ પુદ્ગલવિપાકી હોવું જોઇએ. પરંતુ મોહના સદ્ભાવમાં નામકર્મની કેટલીક પ્રકૃતિના ઉદયના કારણે જીવ પોતાના સ્વભાવનો પરાભવ પામી પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો ઘાત કરે છે. તેથી નામકર્મની કેટલીક પ્રકૃતિઓ જીવવિપાકી કહેવાય છે. નામકર્મની ૯૩ પૈકીની ૨૭ પ્રકૃતિઓ મોહના સદ્ભાવમાં જીવના સ્વભાવનો ઘાત કરી વિભાવ દશા ઉત્પન્ન કરનારી હોવાથી તેને જીવવિપાકી માનવામાં આવે છે. જે આ પ્રમાણે છે–

ગતિ ૪, જાતિ ૫, વિહાયોગતિ ૨ મળીને કુલ ૧૧ પિંડ પ્રકૃતિઓ જીવવિપાકી છે. આ સિવાયની બાકી સોળ પ્રત્યેક પ્રકૃતિઓ પણ જીવવિપાકી છે જે આ મુજબ છે. ૧૨. ઉચ્છ્વાસ, ૧૩. તીર્થંકર, ૧૪. ત્રસ, ૧૫. સ્થાવર, ૧૬. સૂક્ષ્મ, ૧૭. બાદર, ૧૮. પર્યાપ્ત, ૧૯. અપર્યાપ્ત, ૨૦. સુસ્વર, ૨૧. દુઃસ્વર, ૨૨. સુભગ, ૨૩. દુર્ભગ, ૨૪. આદેય, ૨૫. અનાદેય, ૨૬. યશઃકીર્તિ અને ૨૭. અયશકીર્તિ. આ રીતે કુલ ૨૭ પ્રકૃતિઓ જીવવિપાકી છે.


### ૨. પુદ્ગલવિપાકી



**જે કર્મનાં ઉદયનું ફળ પુદ્ગલમાં એટલે કે શરીર અને શરીર સંબંધી બાબતોમાં હોય તેને પુદ્ગલ વિપાકી કર્મની પ્રકૃતિ કહેવાય છે.**

નામકર્મની ૯૩ પૈકીની ૬૨ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી કહેવાય છે. જેમાં શરીર ૫, સંઘાત ૫, બંધન ૫, અંગોપાંગ ૩, સંસ્થાન ૬, સંહનન ૬, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫ અને સ્પર્શ ૮ મળીને કુલ ૫૦ પ્રકારની પિંડ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી છે. આ ઉપરાંત બાકીની બાર પ્રત્યેક પ્રકૃતિઓ પણ પુદ્ગલવિપાકી છે. જેમાં ૫૧. નિર્માણ, ૫૨. અગુરુલઘુ, ૫૩. પ્રત્યેક, ૫૪. સાધારણ, ૫૫ સ્થિર, ૫૬. અસ્થિર, ૫૭. શુભ, ૫૮. અશુભ, ૫૯. આતાપ, ૬૦. ઉદ્યોત, ૬૧. ઉપઘાત અને ૬૨. પરઘાત એ પ્રત્યેક પ્રકૃતિઓ પણ પુદ્ગલવિપાકી છે. આ રીતે કુલ ૬૨ પ્રકૃતિઓ પુદ્ગલ વિપાકી છે.

### ૩. ક્ષેત્રવિપાકી



જે કર્મનાં ઉદયનું ફળ વિગ્રહ ગતિમાં આવે એટલે કે એક ગતિમાંથી બીજી ગતિમાં ગત્યંતર સમયે આવે તેને ક્ષેત્રવિપાકી કર્મની પ્રકૃતિ કહેવાય છે.

આનુપૂર્વી નામકર્મનાં ઉદયથી વિગ્રહ ગતિમાં સંસારી જીવનો આકાર મરણ સમયના શરીર પ્રમાણે જળવાઇ રહે છે. તેથી નામકર્મની પિંડ પ્રકૃતિ આનુપૂર્વી એ ક્ષેત્ર વિપાકી છે. આનુપૂર્વીકર્મનાં ચાર પ્રકાર ચાર ગતિ અનુસાર નીચે મુજબ છે– ૧. મનુષ્યગતિ આનુપૂર્વી, ૨. નરકગતિ આનુપૂર્વી, ૩. દેવગતિ આનુપૂર્વી, ૪. તિર્યંચગતિ આનુપૂર્વી.

### ૪. ભવવિપાકી



જે કર્મનાં ઉદયના ફળથી જીવ ભવમાં રોકાય એટલે કે કોઈ એક દેહમાં જન્મથી મરણ સુધી રહે તેને ભવવિપાકી કર્મની પ્રકૃતિ કહે છે.

સામાન્ય રીતે આયુષ્ય કર્મની મનુષ્યાયુ, નરકાયુ, દેવાયુ અને તિર્યંચાયુની ચારેય પ્રકૃતિઓ ભવવિપાકી કહેવાય છે. પરંતુ આ ચાર પ્રકારના આયુષ્યની સાથે અવિનાભાવી નામકર્મની મનુષ્યગતિ, નરકગતિ, દેવગતિ અને તિર્યંચગતિની ચાર પ્રકારની ગતિ નામકર્મની પ્રકૃતિ છે. તેથી આ ચાર ગતિની ચાર પ્રકૃતિઓ જીવવિપાકી હોવા ઉપરાંત તેને ઉપચારથી ભવવિપાકી પણ કહેવાય છે.

ઉપર મુજબ નામકર્મની પ્રકૃતિ જીવવિપાકી, પુદ્‌ગલવિપાકી, ક્ષેત્રવિપાકી અને ભવવિપાકી હોય એવી ચારેય પ્રકારની જોવા મળે છે. નામકર્મને કારણે સંસારી જીવની ગતિ, જાતિ, શરીર અને શરીર સંબંધી બીજી અનેક બાબતો હોય છે. નામકર્મનું કાર્ય બહુરૂપી જેવું છે. જેમ બહુરૂપી પોતાનું અસલી સ્વરૂપ છૂપાવી તેને જુદા જુદા અનેકરૂપે બતાવે છે. તેમ નામકર્મ જીવનું અસલી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છૂપાવી તેને ગતિ, જાતિ, શરીર જેવા જુદા જુદા અનેકરૂપે બતાવે છે. સંસારી જીવોમાં અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે તે જ નામકર્મની અનેક પ્રકારની વિવિધતા છે. નામકર્મની આ સઘળી વિવિધતા તેની ૯૩ પ્રકારની પ્રકૃતિમાં દર્શાવવામાં આવે છે.

નામકર્મની ૯૩ પ્રકૃતિઓ પૈકી ૬૫ પ્રકૃતિઓ ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિઓમાં સમાવેશ પામે છે. કોઇ એક જૂથ કે સમુહરૂપ પ્રકૃતિઓને પિંડ પ્રકૃતિ કહે છે. એક પ્રકારની પિંડ પ્રકૃતિ અંતર્ગત તેની પેટા પ્રકૃતિ એકથી વધુ હોય છે. આ રીતે ગતિ નામકર્મની ચાર, જાતિ નામકર્મની પાંચ, શરીર નામકર્મની પાંચ વગેરે જેવી પ્રકૃતિઓ પિંડ પ્રકૃતિઓ છે. ચૌદ પ્રકારની પિંડ પ્રકૃતિઓ અંતર્ગત નામકર્મની કુલ ૬૫ પ્રકારની પ્રકૃતિઓ છે. આ ચૌદ પ્રકારની પિંડ પ્રકૃતિઓના આધારે સંસારી જીવના ૭૦ જેટલા ભેદ સંભવે છે. જેની સમજૂતી આ અગાઉના પ્રકરણમાં અપાયેલી છે.


નામકર્મની પિંડ પ્રકૃતિઓ સિવાયની બાકીની પ્રકૃતિઓ પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાય છે. ૨૮ પ્રત્યેક પ્રકૃતિઓ પૈકી ૪ પ્રકૃતિઓ યુગલ ન હોય તેવી અને બાકીની ૨૪ યુગલ હોય તેવી પ્રકૃતિઓ છે. યુગલ ન હોય તેવી ચાર પ્રકૃતિઓ પૈકી નિર્માણ, અગુરુલઘુ અને ઉચ્છ્‌વાસ નામની ત્રણ પ્રકૃતિઓ શરીર સંબંધી આવશ્યક પ્રકૃતિઓ છે જે સઘળા સંસારી જીવને હોય છે અને ચોથી તીર્થંકર પ્રકૃતિ એક વિશિષ્ટ પ્રકારની અતિશયતા ધરાવતી પ્રકૃતિ છે. જે શરીર સંબંધી હોવા છતાં તેનો ઉદય ધરાવનાર જીવ અશરીરી સિદ્ધદશાને પ્રાપ્ત કરનાર હોય છે. તેથી સંસારનો અભાવ કરનાર કોઇક જીવને જ તેનો ઉદય હોય છે. યુગલ ન હોય તેવી પ્રત્યેક પ્રકૃતિના આધારે સંસારી જીવના કોઇ ભેદ સંભવતા નથી.

યુગલ હોય તેવી નામકર્મની ૨૪ પ્રત્યેક પ્રકૃતિઓ પરસ્પર વિરોધ દર્શાવતા ૧૨ પ્રકારના યુગલપણે છે. આ ૨૪ પ્રત્યેક પ્રકૃતિઓના આધારે સંસારી જીવના ૧૨ પ્રકારના યુગલ એટલે કે ૨૪ પ્રકારના ભેદ જોવા મળે છે. નામકર્મની આ સઘળી પ્રકૃતિઓના નામ તે પ્રકૃતિઓની સંખ્યા અને તેના આધારે થતા સંસારી જીવના ભેદની સંખ્યા દર્શાવતો કોષ્ટક આ નીચે ફરી આપવામાં આવે છે.

| ક્રમ | નામ, પ્રકૃત્તિનું નામ | ભેદની સંખ્યા | સંસારી જીવના ભેદ |
|---|---|---|---|
| | **પિંડ પ્રકૃતિઓ** | | |
| ૧. | ગતિ | ૪ | ૪ |
| ૨. | જાતિ | ૫ | ૫ |
| ૩. | શરીર | ૫ | ૪ |
| ૪. | સંઘાત | ૫ | ૪ |
| ૫. | બંધન | ૫ | ૪ |
| ૬. | અંગોપાંગ | ૩ | ૩ |
| ૭. | સંસ્થાન | ૬ | ૬ |
| ૮. | સંહનન | ૬ | ૬ |
| ૯. | વર્ણ | ૫ | ૫ |
| ૧૦. | ગંધ | ૨ | ૨ |
| ૧૧. | રસ | ૫ | ૫ |
| ૧૨. | સ્પર્શ | ૮ | ૧૬ |
| ૧૩. | આનુપૂર્વી | ૪ | ૪ |
| ૧૪. | વિહાયોગતિ | ૨ | ૨ |
| | કુલ | ૬૫ | ૭૦ |
| | **પ્રત્યેક પ્રકૃતિઓ** (યુગલ ન હોય તેવી) | | |
| ૧૫ | નિર્માણ | ૧ | ૦ |
| ૧૬. | અગુરુલઘુ | ૧ | ૦ |
| ૧૭. | ઉચ્છ્વાસ | ૧ | ૦ |
| ૧૮. | તીર્થંકર | ૧ | ૦ |
| | કુલ | ૪ | ૦ |
| | **પ્રત્યેક પ્રકૃતિઓ** (યુગલ હોય તેવી) | | |
| ૧૯. | ત્રસ અને સ્થાવર | ૨ | ૨ |
| ૨૦. | સૂક્ષ્મ અને બાદર | ૨ | ૨ |
| ૨૧. | પર્યાપ્ત અને અપાર્યાપ્ત | ૨ | ૨ |
| ૨૨. | પ્રત્યેક અને સાધારણ | ૨ | ૨ |
| ૨૩. | સ્થિર અને અસ્થિર | ૨ | ૨ |
| ૨૪. | શુભ અને અશુભ | ૨ | ૨ |
| ૨૫ | સુસ્વર અને દુઃસ્વર | ૨ | ૨ |
| ૨૬. | શુભગ અને દુર્ભગ | ૨ | ૨ |
| ૨૭. | આદેય અને અનાદેય | ૨ | ૨ |
| ૨૮. | યશ અને અપયશ | ૨ | ૨ |
| ૨૯. | આતાપ અને ઉદ્યોત | ૨ | ૨ |
| ૩૦ | ઉપઘાત અને પરઘાત | ૨ | ૨ |
| | કુલ | ૨૪ | ૨૪ |
| | **સમગ્ર કુલ** | **૯૩** | **૯૪** |

ઉપરોક્ત કોષ્ટક મુજબના ક્રમ ૧ થી ૧૪ અનુસારના પિંડ પ્રકૃતિઓની ચર્ચા આ અગાઉના પ્રકરણ : ૭માં કરી ગયા છીએ. બાકીની ૧૫ થી ૩૦ સુધીની યુગલ ન હોય તેવી અને યુગલ હોય તેવી પ્રત્યેક પ્રકૃતિની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવે છે.

## ૧૫. નિર્માણ



**નિર્માણ નામકર્મનાં ઉદયના કારણે શરીરના અંગ-ઉપાંગની તેના યોગ્ય સ્થાને અને યોગ્ય માપમાં રચના થાય છે, તેને નિર્માણ કહે છે.**

નિર્માણ એટલે નિષ્પતિ, સર્જન કે રચના છે. પરંતુ આ રચના તેના યોગ્ય સ્થાને, યોગ્ય માપમાં હોય તો જ તે નિર્માણ નામ પામે છે. અંગોપાંગ નામકર્મના ઉદયના કારણે શરીરના અંગ-ઉપાંગની રચના થાય છે. પણ આ અંગ-ઉપાંગનું યોગ્ય સ્થાન અને યોગ્ય માપ નિર્માણ નામકર્મનાં કારણે છે.


નિર્માણ નામકર્મ ન હોય તો શરીરનાં અંગ-ઉપાંગની રચના તેના યોગ્ય સ્થાને ન બને અને તેથી આંખના સ્થાને નાક, નાકના સ્થાને મુખ અને મુખના સ્થાને આંખ પણ જોવા મળે. પણ આવું ક્યાંય જોવા મળતું નથી. વળી આ નિર્માણ નામકર્મ ન હોય તો અંગ-ઉપાંગના માપનું પણ કોઈ પ્રમાણ ન બને. અને તેથી હાથ-પગ વગેરે લોકાગ્ર સુધીના પણ લાંબા થઈ જાય. પણ એવું બનતું નથી. નિર્માણ નામકર્મનાં કારણે આ બધા અંગ-ઉપાંગ તેની જાતિને અનુરુપ યોગ્ય સ્થાનમાં અને યોગ્ય માપમાં જ નિર્માણ પામે છે.


નિર્માણ નામકર્મ એ શરીરના અંગોપાંગના સ્થાન અને માપનું નિયમન કરનારી શરીર સંબંધી પ્રકૃતિ છે. આ પ્રકૃતિ શરીરની જરૂરિયાત માટેની પ્રત્યેક પ્રકૃતિ છે. તેથી તેના આધારે સંસારી જીવના કોઇ ભેદ હોતા નથી.

## ૧૬. અગુરુલઘુ

**અગુરુલઘુ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું શરીર ગુરુ કે લઘુ હોતું નથી તેને અગુરુલઘુ કહે છે.**

અગુરુલઘુનો ઉલ્લેખ ત્રણ પ્રકારે જોવા મળે છે. એક અગુરુલઘુ નામનો દરેક દ્રવ્યનો સામાન્ય ગુણ છે. બીજો અગુરુલઘુ નામનો ગોત્રકર્મનાં અભાવથી ઉત્પન્ન થતો જીવનો પ્રતિજીવી ગુણ છે અને ત્રીજો અગુરુલઘુ એ નામકર્મનાં ઉદયના કારણે થતી સંસારી જીવના શરીરની આવશ્યક સ્થિતિ છે.





અગુરુલઘુ નામકર્મની પ્રકૃતિનો ઉદય પુદ્ગલવિપાકી છે અને તેથી તે સંસારી જીવના શરીર સાથે જ સંબંધ રાખે છે. અગુરુલઘુ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું શરીર ગુરુ એટલે કે ખૂબ ભારે હોતું નથી અને લઘુ એટલે કે ખૂબ હલકું હોતું નથી. અને તેથી તે શરીર પોતાને યોગ્ય વજન ધરાવે છે અને તેથી શરીરની દેહધાર્મિક ક્રિયાઓ થઇ શકે છે.



અગુરુલઘુ નામકર્મના ઉદયના કારણે જીવનું શરીર લોખંડના ગોળા જેવું ભારે કે આકડાના રૂ જેવું હલકુ હોતું નથી તે દર્શાવતું ચિત્ર

અગુરુલઘુ નામકર્મનો ઉદય ન હોય તો સંસારી જીવનું શરીર લોઢાના ગોળા જેવું એકદમ ભારે થઇ જાય કે જેના કારણે ઉઠી પણ ન શકાય. અથવા તે આકડાના રૂની માફક એકદમ હલકું બની જાય કે જેના કારણે તે હવામાં તરતું જ રહે. પણ આવું બનતું નથી. જે અગુરુલઘુ નામકર્મનાં કારણે છે.

અગુરુલઘુ નામકર્મ પણ શરીર સંબંધી આવશ્યક પ્રત્યેક પ્રકૃતિ છે અને તેથી તેના આધારે સંસારી જીવના ભેદ હોતા નથી.

## ૧૭. ઉચ્છ્વાસ



**ઉચ્છ્વાસ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવની ઉચ્છ્વાસ કે નિશ્વાસરૂપ કાર્ય કરવાની સમર્થતા હોય છે તેને ઉચ્છ્વાસ કહે છે.**

उच्छ्वसनम् उच्छवास । એટલે કે શ્વાસ મૂકવાની ક્રિયાને ઉચ્છ્વાસ કહે છે. શ્વાસ લીધા વિના તે મૂકી શકાતો નથી. એટલે કે શ્વાસ વિના ઉચ્છ્વાસ હોતો નથી. તેથી ઉચ્છ્વાસ કહેતાં તેમાં શ્વાસ પણ આવી જાય છે. આ રીતે ઉચ્છ્વાસ એ શ્વાસોચ્છ્વાસની ક્રિયા છે. ઉચ્છ્વાસ નામકર્મનાં કારણે સંસારી જીવની શ્વાસોચ્છ્વાસ ની સમર્થતા હોય છે.

શ્વાસોચ્છ્વાસનો ઉલ્લેખ ત્રણ પ્રકારે જોવા મળે છે. એક શ્વાસોચ્છ્વાસ એ સંસારી જીવના દશ પ્રકારના પ્રાણ પૈકીનો એક પ્રાણ છે. તેના કારણે સંસારી જીવનું જીવન હોય છે. બીજો શ્વાસોચ્છ્વાસ એ સંસારી જીવની છ પ્રકારની પર્યાપ્તિ પૈકીની એક પર્યાપ્તિ છે. તે એક પૌદ્ગલિક શક્તિ છે અને તેના કારણે સંસારી જીવનો શ્વાસોચ્છ્વાસ પ્રાણ હોય છે. આથી શ્વાસોચ્છ્વાસ પ્રાણ અને શ્વાસોછ્વાસ પર્યાપ્તિ એ પરસ્પર સંબંધિત છે. ત્રીજો શ્વાસોચ્છ્વાસ એ ઉચ્છ્વાસ નામકર્મનાં ઉદયના કારણે છે.

શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ઉચ્છ્વાસ નામકર્મનાં કાર્યમાં સમાનતા જેવું લાગે છે. પણ તેમાં સમાનતા નથી. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના દરેક સંસારી જીવોને હોય છે. અને તેના કારણે તેનો શ્વાસોચ્છ્વાસ પ્રાણ હોય છે. આ શ્વાસોચ્છ્વાસ પ્રાણ અને પર્યાપ્તિ નાક વિનાના પ્રાણીઓને પણ હોય છે અને તેથી તેનું કાર્ય બહારથી જાણી શકાતું નથી. જ્યારે ઉચ્છ્વાસ નામકર્મનાં કારણે સંસારી જીવમાં શ્વાસોચ્છ્વાસની સમર્થતા માટે શરીરમાં વિશિષ્ટ પ્રકારની રચના જોવા મળે છે, જેને નાક કહે છે. ઉચ્છ્વાસ નામકર્મના કારણે નાક વડે શ્વાસોચ્છ્વાસની ક્ષમતા હોય છે અને તે શ્વાસોચ્છ્વાસ ક્રિયા નાક વડે થતી હોવાથી સ્પર્શેન્દ્રિય કે શ્રોત્રેન્દ્રિય દ્વારા જાણી શકાય છે. આવો શ્વાસોચ્છ્વાસ એ ઉચ્છ્વાસ નામકર્મનાં ઉદયના કારણે છે. જે માત્ર નાક ધરાવતા ત્રણ કે વધુ ઇન્દ્રિયોવાળા પ્રાણીને જ હોય છે.


સ્વસ્થ મનુષ્યમાં શ્વાસોછ્વાસની ક્રિયા એક દિવસમાં આશરે ૨૧૬૦૦ વાર થાય છે. એટલે કે એક મિનિટમાં ૧૫ વાર જેટલી હોય છે.

ઉચ્છ્વાસ નામકર્મ પણ શરીર સંબંધી શ્વાસોછ્વાસ માટેની આવશ્યક એવી પ્રત્યેક પ્રકૃતિ છે. તેથી તેના આધારે સંસારી જીવના ભેદ બનતા નથી.

## ૧૮. તીર્થંકર

**તીર્થંકર નામકર્મનાં ઉદયના કારણે જીવને ત્રિલોક પૂજ્ય અરિહંત પદની પ્રાપ્તિ થાય છે તેને તીર્થંકર કહે છે.**

સંસારસાગરથી સ્વયં પાર ઉતરનારા અને બીજા અનેકને પાર ઉતરાવનારા મહાપુરુષ તે તીર્થંકર છે. કલ્પકાળની પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીના કાળમાં ૨૪ તીર્થંકર થાય છે. તેમના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણના પાંચ પ્રસંગોએ ઈન્દ્ર દ્વારા ભવ્ય મહોત્સવ રચાય છે તેને પંચકલ્યાણક મહોત્સવ કહેવાય છે. તીર્થંકર નામકર્મનો બંધ મનુષ્ય અવસ્થામાં દર્શન વિશુદ્ધિ આદિ સોળ પ્રકારની ભાવનાના કારણે હોય છે. તેની શરૂઆત તીર્થંકર કે કેવળીની સમીપમાં થાય છે અને જ્યાં સુધી તેનો ઉદય ન થાય ત્યાં સુધી તેનો બંધ ચાલુ રહે છે. તીર્થંકર જન્મથી જ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનના ધારક હોય છે. તેમનું શરીર નિગોદના જીવોથી રહિત હોય છે. તેમને માથા ઉપર વાળ હોય છે પણ દાઢી-મૂછ હોતા નથી. તેમને જન્મથી જ 'નિહાર હોતો નથી અને કેવળજ્ઞાન થયા પછી 'કવલાહાર હોતો નથી. તીર્થંકર ૩૪ અતિશય, ૮ પ્રતિહાર્ય અને ૪ અનંત ચતુષ્ટય મળીને ૪૬ પ્રકારના ગુણોના ધારક છે. સો ઈન્દ્રોથી વંદિત, સમવસરણાદિ વિભૂતિ ધારક અને દિવ્યધ્વનિ દ્વારા ભવ્ય જીવોને ધર્મોપદેશ આપનારા તીર્થંકર ભગવાન જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ધારક છે. જે તીર્થંકર નામકર્મની પ્રકૃતિના ઉદયનું ફળ છે.



**પ્રશ્ન : જેમ તીર્થંકર પદની પ્રાપ્તિ માટે તીર્થંકર નામકર્મની પ્રકૃતિ છે તેમ ગણધર, ચક્રવર્તી વગેરે પદની પ્રાપ્તિ માટે તેની નામકર્મની પ્રકૃતિ કેમ નથી?**

**ઉત્તર :** તીર્થંકર એ વિશિષ્ટ પ્રકારની અરિહંત દશા છે. તીર્થંકરને ચોત્રીસ અતિશય, આઠ પ્રાતિહાર્ય જેવા વિશિષ્ટ પ્રકારના ગુણો હોય છે. તીર્થંકરનું શરીર પરમ ઔદારિક અને વીશ હજાર હાથ ઊંચે નિરાલંબીપણે હોય છે. આવી બધી વિશેષતાના કારણભૂત વિશિષ્ટ પ્રકારની નામકર્મની પ્રકૃતિ જરૂરી છે, જે તીર્થંકર નામકર્મ છે. ગણધર, ચક્રવર્તી વગેરેની વિશેષતા જુદા પ્રકારની હોય છે અને તેના કારણભૂત નામકર્મની જરૂર નથી. ગણધરને અનેક પ્રકારની ઋદ્ધિઓ હોય છે તે તેમના તપના પ્રભાવે છે. તેમને બાર અંગની રચના કરી શકે તેવો જ્ઞાનનો ઉઘાડ છે તે તેમના વિશિષ્ટ પ્રકારના જ્ઞાનાવરણીયકર્મનાં ક્ષયોપશમના કારણે હોય છે. ચક્રવર્તીને ઉચ્ચ પ્રકારનું ગોત્ર હોય છે તે તેમના ગોત્રકર્મના ઉદયના કારણે છે. આ કારણે ગણધર, ચક્રવર્તી વગેરે પદની પ્રાપ્તિ માટે નામકર્મની પ્રકૃતિ જરૂરી નથી.

તીર્થંકર નામકર્મની પ્રકૃતિ વિશિષ્ટ પ્રકારની પ્રત્યેક પ્રકૃતિ છે. તેથી તેના આધારે સંસારી જીવના ભેદ નથી.

અહીં સુધી નામકર્મની પ્રત્યેક પ્રકૃતિઓ પૈકી યુગલ ન હોય તેવી નિર્માણ, અગુરુલઘુ, ઉચ્છ્વાસ અને તીર્થંકર એ ચાર પ્રકૃતિની ચર્ચા કરી. હવે પ્રત્યેક પ્રકૃતિઓ પૈકી બાકીની યુગલ હોય તેવી ૨૪ પ્રકૃતિઓ કે જે પરસ્પર વિરોધ દર્શાવતા ૧૨ પ્રકારના યુગલપણે છે, તેની ચર્ચા મુદ્દા નં. ૧૯ થી ૩૦માં કરવામાં આવે છે.

## ૧૯. ત્રસ અને સ્થાવર




**ત્રસ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનો જન્મ દ્વીન્દ્રિયાદિથી પંચેન્દ્રિય સુધીમાં હોય છે તેને ત્રસ કહે છે અને સ્થાવર નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનો જન્મ એકેન્દ્રિયમાં હોય છે તેને સ્થાવર કહે છે.**

સામાન્ય રીતે પરંપરા અને રૂઢિ અનુસાર સ્વયં હલન-ચલન કરી શકે તેને ત્રસ અને સ્વયં હલન-ચલન કરી ન શકે તેને સ્થાવર જીવો માનવામાં આવે છે. પણ વાસ્તવમાં તેમનું આ ત્રસ કે સ્થાવરપણું હલન-ચલનના આધારે નહિ પણ તેમના તે પ્રકારના ત્રસ કે સ્થાવર નામકર્મનાં ઉદયના આધારે છે.

ત્રસ નામકર્મનો ઉદય ધરાવતા જીવો ત્રસ કહેવાય છે. આ જીવો લોકની ત્રસનાલીમાં હોય છે અને ત્રસનાલીની બહાર હોતા નથી. આ જીવો બાદર પ્રકારના હોય છે અને સૂક્ષ્મ પ્રકારના હોતા નથી. એકેન્દ્રિય સિવાયના દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધા જીવો ત્રસ નામકર્મનો ઉદય ધરાવતા હોવાના કારણે ત્રસ કહેવાય છે.


સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા જીવો સ્થાવર કહેવાય છે. સ્થાવર જીવો સમગ્ર લોકમાં હોય છે આ

જીવો સૂક્ષ્મ અને બાદર એમ બન્ને પ્રકારના હોય છે. સામાન્ય રીતે સ્થાવર જીવો સ્વયં હલન-ચલન કરી શકતા નથી. તોપણ વાયુ, અગ્નિ, જલ અને વનસ્પતિકાયના કેટલાંક જીવો ક્યારેક સ્વયં હલન-ચલન કરતાં પણ જોવા મળે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ અને સાધારણકાયના બધાં જીવો કે જે એકેન્દ્રિય હોય છે તેઓ સ્થાવર નામકર્મનો ઉદય ધરાવવાના કારણે સ્થાવર કહેવાય છે.

ત્રસ અને સ્થાવર નામકર્મની અપેક્ષાએ સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે જોવા મળે છે.

## ૨૦. સૂક્ષ્મ અને બાદર

**સૂક્ષ્મ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું ઔદારિક શરીર બીજાથી બાધિત ન થાય કે બીજાને બાધા ન પહોંચાડે તેવું હોય છે તેને સૂક્ષ્મ કહે છે. અને બાદર નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું ઔદારિક શરીર બીજાથી બાધિત થાય કે બીજાને બાધા પહોંચાડે તેવું હોય છે તેને બાદર કહે છે.**


સૂક્ષ્મ શરીર વજની દિવાલમાંથી પણ પસાર થાય છે. જ્યારે બાદર શરીર પસાર થતું નથી તે દર્શાવતું ચિત્ર


ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. ઔદારિક સિવાયના બાકીના બધા શરીર કોઇથી બાધા પામ્યા વિના કે કોઇને બાધા પહોંચાડ્યા વિના ગમે ત્યાંથી પસાર થઇ શકતા હોવાને કારણે સૂક્ષ્મ હોય છે. જ્યારે ઔદારિક શરીર સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારે જોવા મળે છે. ઔદારિક શરીરનું સૂક્ષ્મ કે બાદરપણું તે પ્રકારના નામકર્મનાં આધારે છે.

સૂક્ષ્મ નામકર્મનો ઉદય ધરાવતા જીવો સૂક્ષ્મ કહેવાય છે. અહીં સૂક્ષ્મનો અર્થ બારીક અથવા ઇન્દ્રિય અગોચર એવો નથી. પણ જે કોઇથી બાધા ન પામે તે સૂક્ષ્મ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના સ્થાવર એકેન્દ્રિય જીવો સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારના હોય છે. સાધારણ કાયના નિગોદના એકેન્દ્રિય જીવો પણ સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારના હોય છે. સૂક્ષ્મ નિગોદના જીવોથી સમગ્ર લોક ઠસાઠસ ભરેલો છે. સૂક્ષ્મ શરીરવાળો જીવ વજની દિવાલ હોય તો તેમાંથી પણ પસાર થઇ જાય છે. કોઇ ઋદ્ધિધારી મુનિનું શરીર નામકર્મના ઉદયના કારણે બાદર હોવા છતાં પણ તે પર્વતાદિમાંથી પસાર થતું જોવા મળે છે. તે તેમના તપના અતિશયના કારણે છે. પણ સૂક્ષ્મ નામકર્મનાં કારણે નથી. તપ, વિદ્યા, મણિ, મંત્ર, ઔષધિ વગેરેથી પ્રગટ થતા અતિશયનો આવો મહિમા હોઈ શકે છે.

બાદર નામકર્મનો ઉદય ધરાવતા જીવો બાદર કહેવાય છે. અહીં બાદરનો અર્થ સ્થૂળ અથવા ઇન્દ્રિયગોચર એવો નથી. પણ જે કોઇ બીજાથી બાધિત થાય કે બીજાને બાધા પહોંચાડે તે બાદર છે. એકેન્દ્રિય જીવો સૂક્ષ્મ અને બાદર એમ બન્ને પ્રકારના હોય છે. પણ પ્રત્યેક વનસ્પતિકાયના એકેન્દ્રિય જીવો બાદર હોય છે. એકેન્દ્રિય સિવાયના દ્વીન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જીવો બાદર હોય છે.

સૂક્ષ્મ અને બાદર નામકર્મની અપેક્ષાએ ઔદારિક શરીર ધરાવતા સંસારી જીવો સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારના હોય છે.

## ૨૧. પર્યાપ્તક અને અપર્યાપ્તક




**પર્યાપ્ત નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવને પોતાને યોગ્ય ચાર, પાંચ કે છ પ્રકારની પર્યાપ્તિની પૂર્ણતા સંભવે છે તેને પર્યાપ્તક કહે છે. અને અપર્યાપ્ત નામકર્મ ઉદયના કારણે જેને પોતાને યોગ્ય એક પણ પર્યાપ્તિની પૂર્ણતા સંભવતી નથી તેવા લબ્ધ અપર્યાપ્તક જીવોને અપર્યાપ્તક કહે છે.**

પર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવતા જીવો પર્યાપ્તક કહેવાય છે. પર્યાપ્તિ છ પ્રકારની હોય છે– ૧. આહાર, ૨. શરીર, ૩. ઈન્દ્રિય, ૪. શ્વાસોચ્છ્વાસ, ૫. ભાષા અને ૬. મન. એકેન્દ્રિય જીવોને પ્રથમ ચાર પ્રકારની, દ્વીન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને પ્રથમ પાંચ પ્રકારની અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે.


અપર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવતા જીવો અપર્યાપ્તક કહેવાય છે. અપર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવનાર જીવ લબ્ધ અપર્યાપ્તક પણ કહેવાય છે. પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા જોઇતા સમય કરતાં ઓછું આયુષ્ય ધરાવનાર જીવ લબ્ધ અપર્યાપ્તક છે. નિગોદનો જીવ તેની એક પણ પર્યાપ્તિ પૂરી થાય તે પહેલા મરણ પામે તેવા ઉચ્છ્વાસના અઢારમા ભાગ જેટલા કાળના અલ્પ આયુષ્યનો હોય છે. તેથી નિગોદનો જીવ લબ્ધ અપર્યાપ્તક હોય છે. નિગોદના જીવનું આ અપર્યાપ્તકપણું અપર્યાપ્તક નામકર્મનાં ઉદયના કારણે છે. શકરિયા, બટેટા, ગાજર, મૂળા, બીટ, લસણ, ડુંગળી, આદુ, લીલી હળદર, સૂરણ વગેરે નિગોદના જીવો અપર્યાપ્તક હોય છે.


સામાન્ય રીતે નિગોદ સિવાયના બાકીના બધા જીવો પર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવવાને કારણે પર્યાપ્તક છે. જે જીવની શરીર પર્યાપ્તિ પૂરી થઇ નથી પણ તે ચોક્કસપણે નિયમથી પૂરી થવાની છે તેવા જીવને નિર્વૃત્તિ અપર્યાપ્તક કહે છે. નિર્વૃત્તિ અપર્યાપ્તકની અપર્યાપ્તિનો સમય ગાળો શરીર પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધીનો ઘણો ટૂંકો હોય છે. આવા જીવને પર્યાપ્ત નામકર્મનો ઉદય છે અને તેને યોગ્ય પર્યાપ્તિ પૂરી થવામાં છે તેથી તેનો સમાવેશ પણ પર્યાપ્તક જીવમાં જ હોય છે.

પર્યાપ્ત અને અપર્યાપ્તક નામકર્મનાં આધારે સંસારી જીવના પર્યાપ્તક અને અપર્યાપ્તક એવા બે ભેદ છે.

## ૨૨. પ્રત્યેક અને સાધારણ

**પ્રત્યેક નામકર્મનાં ઉદયના કારણે એક શરીરનો અધિષ્ઠાતા એક જ જીવ હોય તેને પ્રત્યેક કહે છે અને સાધારણ નામકર્મનાં ઉદયના કારણે એક શરીરના અધિષ્ઠાતા અનેક જીવો હોય તેને સાધારણ કહે છે.**




પ્રત્યેક નામકર્મનો ઉદય ધરાવનારા જીવો પ્રત્યેક કહેવાય છે. પ્રત્યેક નામકર્મનાં ઉદયના કારણે એક એક જીવનું શરીર અલગ અલગ હોય છે. નિગોદ સિવાયના બાકીના બધા જીવો પ્રત્યેક છે.

સાધારણ નામકર્મનો ઉદય ધરાવનારા જીવો સાધારણ કહેવાય છે. સાધારણ નામકર્મનાં ઉદયના કારણે અનેક જીવોનું એક જ સહીયારૂં શરીર હોય છે. સાધારણ જીવોનું આયુષ્ય ઉચ્છ્વાસના અઢારમા ભાગ જેટલું અલ્પ હોય છે. અનેક જીવોનું શરીર એક જ હોવાને કારણે તેઓ એક સાથે જન્મે છે અને એક સાથે મરે છે. નિગોદના જીવો સાધારણ છે. સાધારણ નામકર્મનો ઉદય ધરાવનારા નિગોદના એક શરીરમાં અનંત જીવો એક સાથે રહેતા હોવાથી તેમને અનંતકાયના જીવો પણ કહેવાય છે. સાધારણ જીવો છ પ્રકારની કાય પૈકી વનસ્પતિકાયના હોય છે. વનસ્પતિકાયના જીવો પ્રત્યેક અને સાધારણ એમ બન્ને પ્રકારના હોય છે. વનસ્પતિકાય પૈકી લીમડો, પીપળો જેવા સ્થાવર જીવો પ્રત્યેક અને બટાકા, લસણ, ગાજર, મૂળા જેવા અનંતકાયના નિગોદિયા જીવો સાધારણ છે.

પ્રત્યેક અને સાધારણ નામકર્મના આધારે સંસારી જીવના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદ છે.

## ૨૩. સ્થિર અને અસ્થિર




**સ્થિર નામકર્મનાં ઉદયના કારણે શરીરના અંગ-ઉપાંગો દૃઢ અને સ્થિર રહે છે. તેમજ શરીરની ધાતુ-ઉપધાતુ લાંબા સમય સુધી પોતાનું સ્વરૂપ જાળવી શકે છે તેને સ્થિર કહે છે. અને અસ્થિર નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં અંગ-ઉપાંગો નબળા અને અસ્થિર રહે છે તેમ જ શરીરની ધાતુ-ઉપધાતુ લાંબા સમય સુધી પોતાનું સ્વરૂપ જાળવી શકતી નથી તેને અસ્થિર કહે છે.**

સ્થિર નામકર્મનો ઉદય ધરાવતા જીવો સ્થિર કહેવાય છે. સ્થિર જીવો ઉપવાસ કરે કે થોડી ગરમી-ઠંડી લાગે તો તેનાથી તેનું શરીર નબળું પડતું નથી અને તેના શરીરનાં અંગ-ઉપાંગો અને ધાતુ-ઉપધાતુઓની સ્થિરતા જળવાઇ રહે છે. મનુષ્ય જેવા ઉચ્ચ કક્ષાના

પ્રાણીઓ સ્થિર નામકર્મનાં ઉદયના કારણે સ્થિર હોય છે.

અસ્થિર નામકર્મનો ઉદય ધરાવતા જીવો અસ્થિર કહેવાય છે. અસ્થિર જીવો ભૂખ-તરસ કે ગરમી-ઠંડીને સહી શકતા નથી. અને તેથી તેમના શરીરના અંગ-ઉપાંગો અને ધાતુ-ઉપધાતુની સ્થિરતા જળવાતી નથી. વનસ્પતિ અને ક્ષુદ્ર જંતુઓ જેવા નિમ્નકક્ષાના પ્રાણીઓ અસ્થિર નામકર્મનાં ઉદયના કારણે અસ્થિર હોય છે.

સ્થિર અને અસ્થિર નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના બે ભેદ સ્થિર અને અસ્થિર છે.

## ૨૪. શુભ અને અશુભ

શુભ નામકર્મનાં ઉદયથી સંસારી જીવના શરીરનાં અવયવો સુંદર અને મનોહર હોય તે શુભ છે. અને અશુભ નામકર્મનાં ઉદયથી તે અવયવો કદરૂપા અને અમનોહર હોય તે અશુભ છે.




શુભ નામકર્મનો ઉદય ધરાવતો જીવ શુભ છે.

શરીરનાં અવયવોની રચના અંગોપાંગ નામકર્મનાં કારણે હોય છે. પણ આ અવયવોની સુંદરતા શુભ નામકર્મનાં ઉદયના કારણે હોય છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને કામદેવ વગેરે મહાપુરુષોને શુભ નામકર્મનો ઉદય હોય છે અને તેના કારણે તેના શરીરના અવયવો ખૂબસુરત અને આકર્ષક હોય છે.

અશુભ નામકર્મનો ઉદય ધરાવતો જીવ અશુભ કહેવાય છે. નારકીના જીવોને અશુભ નામકર્મનો ઉદય હોય છે.

શુભ અને અશુભ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના બે ભેદ શુભ અને અશુભ હોય છે.

## ૨૫. સુસ્વર અને દુઃસ્વર

સુસ્વર નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવોના સ્વર બધાને ગમે તેવો પ્રિય અને મધુર હોય છે તેને સુસ્વર કહે છે. અને દુઃસ્વર નામકર્મનાં ઉદયના કારણે તે સ્વર કોઇને ગમે નહિ તેવો અપ્રિય અને કર્કશ હોય છે તેને દુઃસ્વર કહે છે.




સુસ્વર નામકર્મનો ઉદય ધરાવતો જીવ સુસ્વર કહેવાય છે. સુસ્વરના સાત પ્રકાર છે- ૧. ષડ્જ, ૨. ઋષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત અને ૭. નિષાદ.

૧. **ષડ્જ** : ગળામાંથી નીકળતા સ્વરને ષડ્જ કહે છે. ગરુડ પક્ષીનો સ્વર ષડ્જ પ્રકારનો હોય છે.

૨. **ઋષભ** : શિરોદેશમાંથી નીકળતા સ્વરને ઋષભ કહે છે. ગાયનો સ્વર ઋષભ કહેવાય છે.

૩. **ગાંધાર** : નાકમાંથી નીકળતા સ્વરને ગાંધાર કહે છે. બકરીનો સ્વર ગાંધાર હોય છે.

૪. **મધ્યમ** : હૃદયમાંથી નીકળતા સ્વરને મધ્યમ કહે છે. ક્રૌંચ પક્ષીનો સ્વર મધ્યમ મનાય છે.

૫. **પંચમ** : મુખમાંથી નીકળતા સ્વરને પંચમ કહે છે. વસંતઋતુમાં કોયલનું કૂંજન પંચમ સ્વરનું હોય છે.

૬. **ધૈવત** : તાલુ પ્રદેશમાંથી નીકળતા સ્વરને ધૈવત કહે છે. ઘોડાનો સ્વર ધૈવત હોય છે.

૭. **નિષાદ** : સંપૂર્ણ શરીરમાંથી નીકળતા સ્વરને નિષાદ કહે છે. હાથીનો સ્વર નિષાદ હોય છે.


ઉપરોક્ત સાતેય સ્વરના પહેલા અક્ષરને લેતા સા...રે...ગ..મ..પ..ધ...નિ એ સાત સ્વરોના સંક્ષેપ બને છે. સાતેય પ્રકારના સુસ્વરનું નિયમન કંઠ દ્વારા થાય છે. સુસ્વર નામકર્મનો ઉદય હોય તેનો સ્વર મધુર અને કર્ણપ્રિય હોય છે. તાનસેન જેવા ગવૈયાને સુસ્વર નામકર્મનો ઉદય હોય છે.

દુઃસ્વર નામકર્મનો ઉદય ધરાવતો જીવ દુઃસ્વર કહેવાય છે. દુઃસ્વર નામકર્મનો ઉદય હોય તેનો સ્વર કર્કશ અને કાનને ગમે નહિ તેવો હોય છે. ગધેડા જેવા પ્રાણીને દુઃસ્વર નામકર્મનો ઉદય હોય છે.

સુસ્વર અને દુઃસ્વર નામકર્મનાં આધારે સંસારી જીવના બે ભેદ સુસ્વર અને દુઃસ્વર થઇ શકે છે.

## ૨૬. સુભગ અને દુર્ભગ

સુભગ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવ બધાંને પ્રિય હોય તેવો હોય છે તેને સુભગ કહે છે અને દુર્ભગ નામકર્મનાં ઉદયના કારણે બધાંને અપ્રિય હોય તેવો હોય છે તેને દુર્ભગ કહે છે.




સુભગ નામકર્મનો ઉદય ધરાવતો જીવ સુભગ કહેવાય છે. સુભગ એટલે સૌભાગ્યશાળી. સુભગ નામકર્મવાળો જીવ કદાચિત્ બહુ દેખાવડો ન હોય અને બીજાનો ઉપકાર કરનારો પણ ન હોય તોપણ તે સૌને પ્રિય હોય છે.

દુર્ભગ નામકર્મનો ઉદય ધરાવતો જીવ દુર્ભગ કહેવાય છે. દુર્ભગ એટલે દુઃભાગ્યશાળી. દુર્ભગ નામકર્મવાળો જીવ કદાચિત્ બહુ દેખાવડો હોય અને બીજાનો ઉપકાર કરનારો પણ હોય તોપણ તે સૌને અપ્રિય હોય છે.

સુભગ અને દુર્ભગ નામકર્મનાં ઉદય અનુસાર સંસારી જીવના બે ભેદ સુભગ અને દુર્ભગ હોય છે.

## ૨૭. આદેય અને અનાદેય

આદેય નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનું તેજ અને પ્રભાવ હોય છે તેને આદેય કહે છે. અને અનાદેય નામકર્મનાં ઉદયના કારણે તેનું તેજ અને પ્રભાવ હોતો નથી તેને અનાદેય કહે છે.





આદેય નામકર્મનો ઉદય ધરાવતો જીવ આદેય કહેવાય છે. આદેય નામકર્મનાં કારણે સંસારી જીવના શરીરનું તેજસ્વી કે પ્રભાવીપણું હોય છે. તેના કારણે તે જીવની સમાજમાં આદેયતા એટલે કે આદરણીયતા કે બહુમાન્યતા હોય છે. મહાપુણ્યશાળી પુરુષોને આદેય નામકર્મનો ઉદય હોય છે.

અનાદેય નામકર્મનો ઉદય ધરાવતો જીવ અનાદેય કહેવાય છે. અનાદેય નામકર્મનાં કારણે સંસારી જીવના શરીરનું તેજસ્વી કે પ્રભાવીપણું હોતું નથી. તેના કારણે તે જીવની સમાજમાં અનાદેયતા એટલે કે અનાદરણીયતા કે અમાન્યતા હોય છે. હીન પુણ્યશાળી પુરુષોને અનાદેય નામકર્મનો ઉદય હોય છે.

આદેય અને અનાદેય નામકર્મનાં આધારે સંસારી જીવના બે ભેદ આદેય અને અનાદેય હોય છે.

## ૨૮.યશઃકીર્તિ અને અયશઃકીર્તિ

યશઃકીર્તિ નામકર્મનાં ઉદયના કારણે જીવના સદ્‌ગુણોની પ્રસિદ્ધિ થાય છે અને તેથી તે લોકમાં પ્રશંસાને પાત્ર બને છે તેને યશઃકીર્તિ કહે છે. અને અયશઃકીર્તિ નામકર્મનાં ઉદયના કારણે જીવના અવગુણોની પ્રસિદ્ધિ થાય છે અને તેથી તે લોકમાં નિંદાને પાત્ર બને છે તેને અયશઃકીર્તિ કહે છે.




યશઃકીર્તિ નામકર્મનો ઉદય ધરાવનારા જીવને યશઃકીર્તિ કહેવાય છે. યશઃકીર્તિ નામકર્મનો ઉદય ધરાવતા જીવના વિદ્યમાન કે અવિદ્યમાન સદ્‌ગુણો લોક દ્વારા આવિષ્કાર પામે છે. તેથી તે જીવ લોકમાં પ્રશંસા અને માનનો અધિકારી બને છે. આ જીવના કોઈ અવગુણો હોય તોપણ તે બહારમાં આવતા નથી. બહારમાં પ્રસિદ્ધિ પામનાર પુણ્યશાળી જીવોને આવો યશઃકીર્તિ નામકર્મનો ઉદય હોય છે.


અયશઃકીર્તિ નામકર્મનો ઉદય ધરાવતા જીવને અયશઃકીર્તિ કહેવાય છે. અયશઃકીર્તિ નામકર્મનો ઉદય ધરાવતા જીવના વિદ્યમાન કે અવિદ્યમાન અવગુણોનો લોક દ્વારા આવિષ્કાર હોય છે. તેથી તે જીવ લોકમાં

નિંદા અને ધિક્કારને પાત્ર બને છે. આ જીવના કોઇ સદ્ગુણો હોય તોપણ તે બહારમાં આવતા નથી. બહારમાં અપમાન પામનારા પાપશાળી જીવોને આવો અયશઃકીર્તિ નામકર્મનો ઉદય હોય છે.

યશઃકીર્તિ અને અયશઃકીર્તિ નામકર્મનાં આધારે સંસારી જીવોની યશઃકીર્તિ ધરાવનાર અને અયશઃકીર્તિ ધરાવનાર એમ બે વિભાગમાં વહેંચણી થઇ શકે છે.

## ૨૯. આતપ અને ઉદ્યોત

**આતપ નામકર્મનાં ઉદયથી જીવના શરીરમાં પ્રભા હોય છે અને તેમાંથી ઉષ્ણ કિરણો બહાર આવે છે તેને આતપ કહે છે. અને ઉદ્યોત નામકર્મનાં ઉદયથી જીવના શરીરમાં પ્રભા હોય છે અને તેમાંથી શીતળ કિરણો બહાર આવે છે તેને ઉદ્યોત કહે છે.**



| આતાપ | ઉદ્યોત |
|---|---|

આતપ નામકર્મનો ઉદય ધરાવતો જીવ આતપ કહેવાય છે. આતપ નામકર્મનાં ઉદય ધરાવતાં જીવનું શરીર ઉષ્ણ હોતું નથી. તોપણ તેની પ્રભાના કિરણો ઉષ્ણ હોય છે. સામાન્ય રીતે કેટલાક પૃથ્વીકાયના એકેન્દ્રિય જીવો આતપ નામકર્મનો ઉદય ધરાવે છે. જેમ કે- સૂર્યકાંતમણિ અને સૂર્યબિંબના પૃથ્વીકાયના જીવો.

અગ્નિકાય, વાયુકાય અને સાધારણકાયના નિગોદના એકેન્દ્રિય જીવોમાં આતપ કે ઉદ્યોત નામકર્મનો ઉદય જોવા મળતો નથી. અગ્નિકાયના જીવોનું શરીર જ અગ્નિનું બનેલું ઉષ્ણ હોય છે અને તેથી તેમાંથી ઉષ્ણ પ્રકારના કિરણો નીકળે છે જેને તેજ કહેવાય છે પણ આતપ કહેવાતું નથી.

ઉદ્યોત નામકર્મનો ઉદય ધરાવતો જીવ ઉદ્યોત કહેવાય છે. ઉદ્યોત નામકર્મનો ઉદય ધરાવતા જીવનું શરીર શીતળ હોય છે અને તેમાંથી નીકળતા પ્રકાશના કિરણો પણ શીતળ હોય છે. જેમ કે- ચંદ્રકાંતમણિ અને ચંદ્રબિંબના પૃથ્વીકાયના જીવો.

પ્રભા ધરાવતા સંસારી જીવો આતપ કે ઉદ્યોત નામકર્મનો ઉદય ધરાવનારા હોય છે. તેથી આતપ અને ઉદ્યોત નામકર્મની અપેક્ષાએ પ્રભા ધરાવતા સંસારી જીવના બે ભેદ આતપ અને ઉદ્યોત છે.

## ૩૦. ઉપપાત અને પરઘાત

**ઉપઘાત નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવને પોતાને જ પીડા પહોંચાડે તેવા અવયવો હોય છે અથવા તે પોતાના જ ઘાતનું કારણ બને છે તેને ઉપઘાત કહે છે. અને પરઘાત નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવને બીજાને પીડા પહોંચાડે તેવા અવયવો હોય છે અથવા તે બીજાના ઘાતનું કારણ બને છે તેને પરઘાત કહે છે.**




ઉપઘાત નામકર્મનો ઉદય ધરાવતો જીવ ઉપઘાત કહેવાય છે. ઉપઘાત નામકર્મનાં ઉદયના કારણે પોતાને જ પીડા પહોંચાડે તેવા અવયવો હોય છે. જેમ કે- મોટી ફાંદ, લાંબા સ્તન, ઊંચા શીંગડા વગેરે. અથવા આવા જીવને પોતાને જ પીડા પહોંચાડે તે પ્રકારના વાત, પીત કે કફનું દુષિતપણું હોય છે. ઉપઘાત નામકર્મનાં ઉદયના કારણે કોઇ કારણ પામીને જીવ પોતે જ પોતાના અંગોનો ઘાત કરે કે પહાડ ઉપરથી પડતું મૂકીને આત્મઘાત કરે તેવું પણ બને છે.

પરઘાત નામકર્મનો ઉદય ધરાવતો જીવ પરઘાત કહેવાય છે. પરઘાત નામકર્મના ઉદયના કારણે બીજાને પીડા પહોંચાડે તેવા અવયવો હોય છે. જેમ કે- સાપની દાઢમાં ઝેર, વીંછીની પૂંછ, સિંહ કે વાઘના નહોર, દાંત વગેરે. પરઘાત નામકર્મનાં ઉદયના કારણે પોતાની ભૂખ સંતોષવા કે વૈરવૃત્તિને કારણે તે જીવ બીજાનો ઘાત પણ કરે કરી શકે તેવા અવયવો હોય છે.

પોતાને કે પરને પીડા પહોંચાડનારા સંસારી જીવના ઉપઘાત કે પરઘાત નામકર્મનાં ઉદયના આધારે બે ભેદ ઉપઘાત અને પરઘાત છે.

## ઉપસંહાર

નામકર્મથી સંસારી જીવની ગતિ, જાતિ, શરીર વગેરે હોય છે. નામકર્મ આ દરેકનું નામનિર્દેશન પણ કરે છે. સંસારી જીવમાં જેટલી વિવિધતા છે તેટલી જ નામકર્મની વિવિધતા છે. તોપણ તેનું સંક્ષેપ ૯૩ પ્રકારની પ્રકૃતિમાં છે. નામકર્મની કુલ ૯૩ પ્રકૃતિઓ પૈકી ૬૫ પ્રકૃતિઓ ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિઓમાં સમાવેશ પામે છે અને બાકીની ૨૮ પ્રકૃતિઓ પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાય છે. ૨૮ પ્રત્યેક પ્રકૃતિઓમાંથી ૪ પ્રત્યેક પ્રકૃતિઓ યુગલ ન હોય તેવી અને બાકીની ૨૪ યુગલ હોય તેવી પ્રકૃતિઓ છે. ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિઓના આધારે સંસારી જીવના ૭૦ પ્રકારના ભેદ જોવા મળે છે અને ૨૮ પ્રકારની પ્રત્યેક પ્રકૃત્તિઓ પૈકી ૪ પ્રકારની યુગલ ન હોય તેવી પ્રકૃત્તિઓ શરીરની આવશ્યકતા કે વિશેષતા દર્શાવનારી હોવાથી તેના આધારે સંસારી જીવના કોઈ ભેદ હોતા નથી. પરંતુ પ્રત્યેક પ્રકૃત્તિઓ પૈકી બાકીની ૨૪ પ્રકારની યુગલ હોય તેવી પ્રત્યેક પ્રકૃતિના આધારે ૨૪ પ્રકારના ભેદ જોવા મળે છે. આ રીતે નામકર્મની કુલ ૯૩ પ્રકૃત્તિઓના આધારે સંસારી જીવના કુલ ૯૪ પ્રકારના ભેદ હોય છે.



નામકર્મ અઘાતિ હોવાને કારણે તેની પ્રકૃતિ પુદ્ગલવિપાકી હોવી જોઇએ. પરંતુ તે પુદ્ગલવિપાકી ઉપરાંત જીવવિપાકી, ક્ષેત્રવિપાકી અને ભવવિપાકી પણ છે. મોહના સદ્ભાવમાં જીવ નામકર્મના કારણે પ્રાપ્ત ગતિ, જાતિ, શરીરાદિમાં પોતાપણું કલ્પી પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ભૂલી જાય છે. તેથી નામકર્મનાં કારણે નામનિર્દેશન પામેલ શરીરાદિનો મોહ પામે છે. તેટલું જ નહિ પણ તે શરીરનો ફઇબાએ પાડેલ નામકરણનો પણ મોહ રાખે છે. તેના કારણે ભર ઊંઘમાં હોય અને કોઇ તે નામ પોકારે તોપણ સફાળો જાગી જાય છે.

જગતનાં શરીરાદિ સંયોગી પદાર્થો નાશવંત છે તો તેનું ફઇબાએ પાડેલું નામ તો કઇ રીતે શાશ્વત હોઈ શકે ? તીર્થંકર ચક્રવર્તી જેવા મહાપુરુષોના નામ પણ કાયમ ટકી શકતા નથી. ચક્રવર્તી છ ખંડનું આધિપત્ય પ્રાપ્ત કર્યા પછી પોતાના દિગ્વિજયનો લેખ લખવા વૈતાઢ્ય પર્વતની શિલા ઉપર દેવોપનીત દંડરત્ન વડે પોતાનું નામ કોતરે છે. પણ તે સમયે તે શીલા નામ વડે એટલી ભરચક હોય છે કે તેણે બીજા કોઇકનું નામ ભૂંસી પોતાનું નામ લખવું પડે છે. આ રીતે વૈતાઢ્ય પર્વતની શિલા ઉપર દંડરત્ન વડે લખાયેલું ચક્રવર્તીનું નામ પણ ટકી શકતું નથી તો આરસની તકતી ઉપર ટાંકણા વડે કોતરાયેલું નામ કઇ રીતે ટકી શકે ? એટલે કે કોઇ પણ ઉપાયે ટકી ન શકે.

આ જીવને દેહદષ્ટિને કારણે પોતાના નામનો મોહ રહે છે. અને દેહસંબંધિત નામકર્મનાં ઉદયમાં મોહના કારણે સુખી-દુઃખી થાય છે. પણ જો તે દેહદષ્ટિ છોડીને આત્મદષ્ટિ કરે તો તેનું મિથ્યાત્વ અને તેના કારણે થતા તેનાં સંસારનો શીઘ્ર અભાવ થાય અને આ જ નામકર્મનાં સ્વરૂપને સમજવાનું સાચું ફળ છે. ભૈયા ભગવતીદાસના શબ્દોમાં–

(સવૈયા એકત્રીસા)

**अचेतन की देहरी न कीजे तासों नेहरी,**<br>
**सु औगुन की गेहिरी महान दुःख भरी है ।**<br>
**याही के सनेह री न आवे कर्म छेहरीं**<br>
**पावे दुःख तेहरी जिन याकी प्रीति करी है ।।**<br>
**अनादि लगी जेहरी जु देखत ही खेहरी,**<br>
**तू यामें कहा लेहरी रोगन की दरी है ।**<br>
**काम गजकेहरी सु रागद्वेष के हरी तू,**<br>
**तामैं दृष्टि देयरी जो मिथ्यामति हरी है ।।**

**ભાવાર્થ :** નામકર્મથી પ્રાપ્ત શરીર અચેતન પૌદ્ગલિક પદાર્થનું દહેરૂં છે. તે અનેક અવગુણોનું ધામ અને મહાન દુઃખોથી ભરપૂર છે. તેથી તેનો તું સ્નેહ ન કર. તેના સ્નેહથી કર્મનો છેડો

આવતો નથી અને તને દુઃખોની જ પ્રાપ્તિ થાય છે. નામકર્મનાં સ્વરૂપને સમજવાથી સમજાશે કે નામકર્મને આધીન શરીરનો આ સંયોગ અનાદિનો હોવા છતાં તે જોતજોતામાં નાશ પામી જાય તેવો ક્ષણિક છે. અનેક પ્રકારના રોગોના ધામરૂપ શરીરમાં



તું લહેર માની મગ્ન થઈ રહ્યો છે તે તારી દેહદૃષ્ટિ છે. તારો આત્મા કામરૂપી ગજને હણનાર કેસરી સિંહ સમાન છે. તો તું દેહદૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિ કર કે જેથી તારી મિથ્યામતિ નાશ પામશે અને મિથ્યાત્વને કારણે થતા રાગદ્વેષરૂપ સંસારનો અભાવ થશે. (બ્રહ્મવિલાસ : સુબુદ્ધિ ચોવીસી : દોહરો ૧૪, ૧૫)

## ટિપ્પણ

૧. નિહાર : મળ, મૂત્ર. • ૨. કવલાહાર : મુખેથી લેવાતો આહાર.

## સંદર્ભ ગ્રંથો


પ્રસ્તાવના : ૧. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૨ અને ટીકા; • ૨. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન : ૨૩૧ થી ૨૩૪, ૨૪૦ થી ૨૪૩.

૧૫. નિર્માણ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯/૧૦,૧૧; • ૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૧૧,૫,૫૭૯/૨૧, ૨૨; • ૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; • ૪. ધવલ : ૬/૧,૯-૧,૨૮/૩; ૬/૧, ૯-૧, ૨૮/૬૬/૩; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૬/૬; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : નિર્માણ : પાનું ૬૨૪.

૧૬. અગુરુલઘુ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૨/૫૭૭/૩૧; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૮/૧; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૪/૧૦; ૬/૧, ૯-૨, ૭૯/૧૧૪/૩; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૧ : અગુરુલઘુ : પાનું ૩૪.

૧૭. ઉચ્છ્વાસ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧; ૫/૧૯/૨૮૮/૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૩૨/૫૭૯/૧૫; ૮/૧૧/૧૭/૫૭૮/૯; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૦/૧; • ૪. જ્ઞાનાર્ણવ : ૨૯/૯૧; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૧ : ઉચ્છ્વાસ : પાનું ૩૫૨

૧૮. તીર્થંકર : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૭; • ૨. ધવલ : ૬/૧, ૯-૧, ૩૦/૬૭/૧; • ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૪૦/૫૮૦; ૮/૧૧/૪૧/૫૮૦/૩; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : તીર્થંકર : ૨/૧, પાનુ ૩૭૩; નામકર્મ : ૨/૪ પાનું ૫૮૪.

૧૯. ત્રસ અને સ્થાવર : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૧૦; ૨; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૨/૨૧/૫૭૮/૨૭; ૮/૧૧/૨૨/૫૭૮/૨૯; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૧/૪; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૫/૩, ૪; • ૪. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ત્રસ : પાનું ૩૯૯; ભાગ ૪ : સ્થાવર : પાનું ૪૫૩.

૨૦. સૂક્ષ્મ અને બાદર : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૧,૨; ૨/૪૦/૧૯૩/૬; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૨૯/૫૭૯/૭; ૮/૧૧/૩૦/૫૭૯/૧૦; ૫/૧૫/૫/૪૫૮/૧૪; ૨/૪૦/૧૪૯/૬; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૨/૧; ૬/૧, ૯-૧, ૨૮/૬૧/૮; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૫/૬; ૧/૧,૧,૩૪/૨૪૯- ૨૫૧/૯; • ૪. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; જીવકાંડ : ગાથા ૧૮૪ની જીવતત્ત્વ પ્રદીપિકા ટીકા; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : સૂક્ષ્મ : પાનું ૪૩૮ થી ૪૪૦.

૨૧. પર્યાપ્તક અને અપર્યાપ્તક : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૨, ૩; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૩૧, ૩૩/૫૭૯/૧૧, ૧૩; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૨/૩; ૧/૧, ૧, ૩૪/૨૫૪/૪, ૬; ૧/૧, ૧, ૪૦/ ૨૬૭/૧૧; • ૪. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૨૧, ૧૨૨ અને તેની ટીકા; • ૫. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૩૬; ૧૩૭; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : પર્યાપ્તિ ૧/૨, ૩, ૪, ૫, ૬, ૭ : પાનું ૪૧, ૪૨.

૨૨. પ્રત્યેક અને સાધારણ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૮, ૯; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૯/૫૭૮/૧૮; ૮/૧૧/૨૦/૫૭૮/૨૦; • ૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; • ૪. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૨/૮; ૫,૫,૧૦૧/૩૬૫/૮, ૯; ૧૩/૫,૫/૩૬૫/૮,૯,૬/૧, ૯-૧, ૨૮/૬૩/૧; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વનસ્પતિ : ૧/૬ પાનું ૫૦૩; ૪/૧, પાનું ૫૦૬, ૫૦૭.

૨૩. સ્થિર અને અસ્થિર : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૫; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૩૪-૩૫/૫૭૯/૨૨; • ૩. ધવલ : ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૫/૧૦; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્થિર : પાનું ૪૭૦.

૨૪. શુભ અને અશુભ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧-૨૭-૨૮/૫૭૯/૫; • ૩. ધવલ : ૬/૧, ૯-૧ ૨૮/૬૪/૮; ૧૩/ ૫૫૧૦૧/૩૬૫/૧૨; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૪ : શુભ : પાનું ૪૧.

૨૫. સુસ્વર અને દુસ્વર : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૧૨; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૨૫-૨૬/૫૭૯/૧; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૫/૩; ૧૩/ ૫, ૫, ૧૦૧/૩૬૬/૧; • ૪. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; • ૫. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથ૧૮૬ની સંસ્કૃત ટીકા; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૪ : પાનું ૫૦૮.

૨૬. સુભગ અને દુર્ભગ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૧૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૨૩-૨૪/ ૫૭૮/૩૧; • ૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા

૩૩નીટીકા; • ૪. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૫/૧,૨; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૫/૧૪; • ૫. જૈ. સિ. કોશ : ભાગ૪ : સુભગ : પાનું૪૩૬.

૨૭. **આદેય અને અનાદેય :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૫; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૩૬-૩૭/ ૫૭૯; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૫/૫; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૬/૩; • ૪. જૈ. સિ. કોશ : ભાગ૧ : આદેય : પાનું૨૪૫.

૨૮. **યશઃકીર્તિ અને અયશઃકીર્તિ :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૨/૬; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧-૧૨/૫૭૯/૩૨; • ૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩નીટીકા; • ૪. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૬/૧; ૧૩/૫, ૫, ૧૦૧/૩૫૬/૫; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૩ : યશઃકીર્તિ : પાનું૩૭૧.

૨૯. **આતપ અને ઉદ્યોત :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧; ૫/૨૪/૨૯૬; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૫/૫૭૮; ૫/૨૪/૧/૪૮૫/૧૬; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૦/૪; ૧૩/ ૫, ૫, ૧૦૧ / ૩૬૫ / ૧; ૮/૩,૧,૩૮/૧૯૯/૧૧; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૧ : આતપ : પાનુ ૨૪૩; ઉદ્યોત : પાનું ૩૭૩.

૩૦. **ઉપઘાત અને પરઘાત :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૩,૪; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૩-૧૪/૫૭૮/૧-૩; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૯/૧, ૭; ૧૩/૫, ૫, ૧૦૧/૩૬૪/૧૩; • ૪. જૈ. સિ. કોશ : ભાગ૧ : ઉપઘાત : પાનું૪૧૭ અને ભાગ : ૩ : પરઘાત નામકર્મ : પાનું૧૧.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. નામકર્મની પ્રકૃતિના ઉદયનું ફળ કેટલા પ્રકારે જોવા મળે છે ?** ૧. ☐
A. ચાર B. ત્રણ C. બે D. એક

**૨. નામકર્મ અઘાતિ છે. તેથી નામકર્મના ઉદયનું ફળ સામાન્ય રીતે ક્યા પ્રકારનું હોવું જોઈએ ?** ૨. ☐
A. જીવવિપાકી B. પુદ્ગલવિપાકી
C. ક્ષેત્રવિપાકી D. ભવવિપાકી

**૩. ક્ષેત્રવિપાકી કર્મના ઉદયનું ફળ ક્યાં આવે છે ?** ૩. ☐
A. લોકાકાશમાં B. ત્રસનાલીમાં
C. વિગ્રહગતિમા D. મધ્યલોકના મનુષ્ય ક્ષેત્રમાં

**૪. નામકર્મની પિંડ પ્રકૃતિઓ કેટલા પ્રકારે છે ?** ૪. ☐
A. ૬૫ B. ૪૨ C. ૨૮ D. ૧૪

**૫. નામકર્મની કેટલી પ્રત્યેક પ્રકૃતિઓ યુગલ હોય તેવી છે ?** ૫. ☐
A. ૪ B. ૧૨ C. ૨૮ D. ૨૪

**૬. શરીરના અંગોપાંગની રચના યોગ્ય સ્થાને યોગ્ય માપમાં હોય છે. તેના કારણભૂત ક્યા નામકર્મનો ઉદય છે ?** ૬. ☐
A. શરીર B. અંગોપાંગ C. પર્યાપ્તિ D. નિર્માણ

**૭. નાક વડે થતો શ્વાસોચ્છ્વાસ શું દર્શાવે છે ?** ૭. ☐
A. શ્વાસોચ્છ્વાસ નામના પ્રાણનો સદ્ભાવ
B. શ્વાસોચ્છ્વાસ નામની પર્યાપ્તિની પૂર્ણતા
C. ઘ્રાણેન્દ્રિયનું કાર્ય
D. ઉચ્છ્વાસ નામકર્મના ઉદય

**૮. તીર્થંકરનું શરીર કેવું હોતું નથી ?** ૮. ☐
A. પરમ ઔદારિક
B. નિરાલંબી
C. નિગોદના જીવોવાળું
D. માથા ઉપર વાળવાળું

**૯. ત્રસ જીવો કોને કહે છે ?** ૯. ☐
A. હલન-ચલન કરી શકે તેને
B. દ્વીન્દ્રિયાદિથી પંચેન્દ્રિય સુધીના જીવોને
C. ત્રસનાલીમાં રહેતા જીવોને
D. બાદર પ્રકારના જીવોને

**૧૦. સંસારી જીવમાં સૂક્ષ્મ કોને કહે છે ?** ૧૦. ☐
A. સૂક્ષ્મ નામકર્મનો ઉદય હોય તેને
B. ઇન્દ્રિય અગોચર હોય તેને
C. એકદમ બારીક હોય તેને
D. કોઈથી બાધિત ન થાય તેને

**૧૧. અપર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવતા જીવો કેવા હોય છે ?** ૧૧. ☐
A. લબ્ધ અપર્યાપ્તક B. નિર્વૃત્તિ અપર્યાપ્તક
C. એકેન્દ્રિય D. અલ્પ આયુ ધરાવનાર

**૧૨. કેવા જીવોને સાધારણ કહેવાતા નથી ?** ૧૨. ☐
A. અનેકજીવોનુંએકજસહીયારૂંશરીરહોય તેવા જીવોને
B. એક એકનું શરીર અલગ અલગ હોય તેવા જીવોને
C. ઉચ્છ્વાસના અઢારમાં ભાગ જેટલું અલ્પ આયુષ્ય ધરાવનાર જીવોને
D. ડુંગળી, બટાકા જેવા કંદમૂળના જીવોને

**૧૩. કોઈના શરીરના અવયવો ખુબસૂરત અને આકર્ષક હોય છે. તેનું રહસ્ય શું ?** ૧૩. ☐
A. યોગ અને કસરત
B. સમતોલ આહાર અને નિયમિત જીવન
C. શુભ નામકર્મનો ઉદય
D. ફેર એન્ડ લવલી ક્રિમ

**૧૪. વસંત ઋતુમાં થતું કોયલનું કૂજન ક્યા સ્વરનું હોય છે ?** ૧૪. ☐
A. સપ્તમ B. પ્રથમ C. મધ્યમ D. પંચમ

**૧૫. કોઈ માણસ સૌને પ્રિય હોય છે. કેમ કે—** ૧૫. ☐
A. તે જ્ઞાની ધર્માત્મા છે B. તે પરોપકારી છે

C. તે બહુ દેખાવડો અને સુંદર છે
D. તેને સુભગ નામકર્મનો ઉદય છે

**૧૬. ક્યા નામકર્મના કારણે સંસારી જીવના શરીરનું તેજસ્વી કે પ્રભાવીપણું હોય છે ?** ૧૬. ☐
A. યશઃકીર્તિ B. સુભગ C. શુભ D. આદેય

**૧૭. પોતામાં સદ્ગુણો હોવા છતાં લોકમાં પ્રશંસા અને માનનો અધિકારી ન બનવાનું કારણ શું છે ?** ૧૭. ☐
A. પોતાના સદ્ગુણોનો પ્રચાર-પ્રસાર કરવાની કળાનો અભાવ
B. લોકોમાં સારા-નરસાંના વિવેકનો અભાવ
C. કોઈ પણ પ્રકારના પુણ્યકર્મના ઉદયનો અભાવ
D. યશઃકીર્તિ નામકર્મના ઉદયનો અભાવ

**૧૮. સૂર્યબિંબમાંથી નીકળતા ઉષ્ણ પ્રકાશના કિરણોનું કારણ શું છે ?** ૧૮. ☐
A. સૂર્યબિંબમાં રહેલ હાઈડ્રોજન વાયુના દહનથી પ્રગટ થતી પુષ્કળ ઊર્જા
B. સૂર્યબિંબમાં રહેલ અગ્નિકાયના જીવો
C. સૂર્યબિંબના પૃથ્વીકાયિક જીવોનો આતપ નામકર્મનો ઉદય
D. સૂર્યબિંબમાં રહેતા સૂર્યદેવની પ્રભા

**૧૯. પરઘાત નામકર્મના ઉદયનું ફળ શું છે ?** ૧૯. ☐
A. પોતાને જ પીડા પહોંચાડે તેવા અવયવો
B. બીજાને પીડા પહોંચાડે તેવા અવયવો
C. પોતે પોતાની જ હત્યા કરે
D. પોતે બીજાની હત્યા કરે

**૨૦. નામકર્મના સ્વરૂપને સમજવાનું સાચું ફળ શું છે ?** ૨૦. ☐
A. દેહ દષ્ટિ છોડી આત્મદષ્ટિ કરવી તે
B. શરીરના નામનો મોહ છોડી દેવો તે
C. પોતાના નામને અમર બનાવવું તે
D. નામકર્મના કારણે પ્રાપ્ત શરીર અને શરીર સંબંધી બાબતોનો પોતાના સુખ માટે સમુચિત ઉપયોગ કરવો તે.

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. જીવવિપાકી કર્મની પ્રકૃતિ એટલે શું ?
૨. નામકર્મની કેટલી અને કઈ પ્રકૃતિઓ જીવવિપાકી છે ?
૩. પુદ્ગલવિપાકી કર્મની પ્રકૃતિ એટલે શું ?
૪. નામકર્મની કેટલી અને કઈ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી છે ?
૫. ક્ષેત્રવિપાકી કર્મની પ્રકૃતિ એટલે શું ?
૬. નામકર્મની કેટલી અને કઈ પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી છે ?
૭. ભવવિપાકી કર્મની પ્રકૃતિ એટલે શું ?
૮. નામકર્મની કેટલી અને કઈ પ્રકૃતિઓ ભવવિપાકી છે ?
૯. નિર્માણ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૦. નિર્માણ નામકર્મ ન હોય તો શો દોષ આવે ?
૧૧. અગુરુલઘુનાં ઉલ્લેખ કેટલા પ્રકારે અને કઈ રીતે જોવા મળે છે ?
૧૨. અગુરુલઘુ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૩. ઉચ્છ્વાસ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૪. ઉચ્છ્વાસ નામકર્મ અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિના કાર્યમાં શો તફાવત છે ?
૧૫. સ્વસ્થ મનુષ્યના શ્વાસોચ્છ્વાસની ક્રિયા એક મિનિટમાં કેટલી વાર હોય છે ?
૧૬. તીર્થંકર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૭. ત્રસ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૮. સ્થાવર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૯. સૂક્ષ્મ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૦. બાદર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૧. પર્યાપ્ત નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૨. અપર્યાપ્ત નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૩. પ્રત્યેક નામકર્મનું સ્વરૂપ જણાવો
૨૪. સાધારણ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૫. સ્થિર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૬. અસ્થિર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૭. શુભ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૮. અશુભ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૯. સુસ્વર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૦. દુઃસ્વર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૧. સુભગ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૨. દુર્ભગ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૩. આદેય નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૪. અનાદેય નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૫. યશઃકીર્તિ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૬. અયશઃકીર્તિ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૭. આતપ નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૮. ઉદ્યોત નામકર્મનું સ્વરૂપ જણાવો.
૩૯. ઉપઘાત નામકર્મનું સ્વરૂપ જણાવો.
૪૦. પરઘાત નામકર્મનું સ્વરૂપ જણાવો.

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. અગુરુલઘુ નામકર્મ ન હોય તો શો દોષ આવે ?
૨. શ્વાસોચ્છ્વાસનો ઉલ્લેખ કેટલા પ્રકારે અને કઈ રીતે જોવા મળે છે ?
૩. તીર્થંકર પદ માટેની નામકર્મની પ્રકૃતિ છે તેમ ગણધર, ચક્રવર્તી વગેરે પદ માટેની નામકર્મની પ્રકૃતિ કેમ નથી ?
૪. આ જીવ દેહદષ્ટિ છોડી આત્મદષ્ટિ કરે તો શો ફાયદો થાય ?

### વિદ્યાર્થીઓની જુથ પ્રવૃત્તિ

૧. નામકર્મની પ્રત્યેક પ્રકૃતિઓ પૈકી કોઈ એક પસંદ કરી તેના ઉપરનો પ્રોજેક્ટ તૈયાર કરો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. શરીર અને કેટલાક સંયોગો નામકર્મના આધારે હોય છે તે બાબત સમજાવો